# ચાલો, આત્માની યાત્રાએ સાહેબ સંગાથે...

**ચાલો, યાત્રાએ !**
**સંતો, અક્ષરમુક્તો ને સંતભગવંત સાહેબજી સાથે,**
**ચાલોને યાત્રાએ !**

'બ્રહ્મનિર્ઝર'નો આ વિશેષાંક સંતભગવંત સાહેબજી સંગ સંતો-ભક્તોની ઐતિહાસિક અલૌકિક અને અનંત કલ્યાણકારી મહાયાત્રાને સમર્પિત છે. પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ઈષ્ટદેવ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રાગટ્યધામ તીર્થોત્તમ છપૈયા ધામ, પ્રાચીનતમ્ તીર્થભૂમિ કાશી સહિત ઉત્તર પ્રદેશનાં અન્ય નગરોમાં સંતભગવંત સાહેબજીએ કૃપાપધરામણી કરી, અનેક આત્માઓને પોતાના દિવ્ય સંબંધે મુક્ત કર્યા ! 'બ્રહ્મનિર્ઝર'નો આ અંક સંતભગવંત સાહેબજીના આ પૃથ્વી પરના દિવ્ય કાર્યની એક અલ્પાતિઅલ્પ ઝાંખી કરાવવાની સેવા કરવાના ભાવ રાખે છે.

અધ્યાત્મની દૃષ્ટિએ જોઈએ તો પૃથ્વી પરનું આપણું જીવન એ તો આત્માની યાત્રા છે. આ દૃષ્ટિ ને અનુભૂતિ સામાન્યતઃ સહજ સુલભ નથી; તેથી, દેહના જન્મ ને અવસાન સાથે જીવનનો આરંભ ને અંત માની જીવીએ છીએ. તેથી, આત્મા માટે જે દિવ્ય યાત્રા છે, તે દેહ માટે જીવનપર્યંત રઝળપાટ બની રહે છે !

ઈ.સ. ૧૯૪૦ની ધુળેટીએ જશભાઈ નામધારી સંતભગવંત "સાહેબ" પ્રગટ થયા; એ પ્રાગટ્ય કેવળ શરીરનું નહીં, પરંતુ, “સાહેબ”નું હતું - પૂર્ણ પુરુષોત્તમના અખંડ ધારક અક્ષરબ્રહ્મના અદ્વૈત સ્વરૂપનું પ્રાગટ્ય હતું, અને આજે પણ છે !

આઠ દાયકાથી વધુ સમય દરમિયાન આ દિવ્ય સ્વરૂપનાં અપાર સામર્થ્ય, વિરાટ મહિમા ને અકલ્પ્ય દિવ્યતાની અનુભૂતિ કરાવતી જે ઝાંખી આપણે કરી છે, તે ઝાંખીની મૂડીનો વૈભવ તો એટલો પરમ છે કે એની અખંડ સ્મૃતિ આપણા જીવનની રઝળપાટને આપણા આત્માની યાત્રા રૂપે ઊર્ધ્વ દિશા અને ગતિ સહજ જ પ્રદાન કરી શકે.

સાહેબજીના આ ગુણાતીત સ્વરૂપની ઝાંખી પામવાનો ને તેને આત્મસાત્ કરવાનો સરળતમ્ માર્ગ તો એકાંતિક સાધુના નિરંતર માહાત્મ્યયુક્ત સમાગમ છે. સદ્‌ગુરુઓ પૂજ્ય અશ્વિનદાદા, શાંતિદાદા અને રતિકાકા જેવા અનેક સંતો એવા દિવ્ય એકાંતિક સાધુ છે જે "સાહેબ"ને જીવી રહ્યા છે - અનુપમ ઐક્ય સાધી આ દિવ્ય સંતોનાં જીવન સાહેબના દિવ્ય કાર્યની વાહક એવી નિર્મળ કરનારી ગંગા સમાન છે. તેઓ સંગ આપણા જીવની પ્રીતિ બંધાય એટલે જીવનની રઝળપાટ આત્માની યાત્રા રૂપે આરંભાય !

આ હોળિકા પર્વે, ચાલો ને... આપણા આત્માના પ્રજ્વલ સાક્ષાત્કારે, સાધુ સંગ પ્રીતિની સંજીવની સાથે "સાહેબ"ની સંગે જીવને આત્માની યાત્રાએ ઊર્ધ્વ દિશા ને ગતિ પ્રદાન કરીએ ! ઉત્કટ હૃદયની ગદ્‌ગદ પ્રાર્થનાનાં પુષ્પોની માળા સાથે આપણા આત્માને સાહેબજીનાં દર્શને પ્રેરીએ. આ દર્શન સાહેબજીના દેહ પૂરતાં મર્યાદિત ન રાખતાં સર્વત્ર સદા સાહેબના પ્રાગટ્યનો ઉત્સવ મનાવીએ... રોજેરોજ પળ-પ્રતિ-પળ સદાય સાહેબ સંગ આત્માની જીવનયાત્રા પર્યંત !

**~ સાધુ મનોજદાસ**